| | | |
|---|---|---|
| Re-Accredited **Grade A** by NAAC | *SAURASHTRA UNIVERSITY, UNIVERSITY CAMPUS,*<br>*UNIVERSITY ROAD, RAJKOT - 360 005*<br>**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ,**<br>**યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫** | |
| *Ph-0281-2578501* | *www.saurashtrauniversity.edu* | *Fax :- 2586983* |


નાં.હિસાબ\બિલ\વશી. ૨૯\૨૦૧૮ તા. ૧૦\૦૩\૨૦૧૮

<u>પરિપત્ર</u>

વિષય: નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ચુકવણા બાબત.....

યુનિવર્સિટી નાં વિવિધ વિભાગનાં વડાઓ / ભવનનાં અધ્યક્ષશ્રીઓ / એચઆરડીસીનાં ડાયરેકટરશ્રી,વગેરે ને ઉક્ત વિષયે જણાવવાનું કે સને ૨૦૧૭-૧૮ નું નાણાંકીય વર્ષ પૂર્ણ થનાર હોય, ચાલુ સાલ દરમ્યાનનાં બજેટ જોગવાઈ અનુસાર કરવાના થતા ખર્ચના તમામ ચુકવણા બાબતે નીચેની બાબતો ધ્યાને લેવા વિનંતિ છે.

(૧) આપના વિભાગ / ભવન હસ્તકના તમામ પ્રકારના બાકી બિલો કે જેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કરવાનો રહે છે, તે તમામ બિલો ૩૧મી માર્ચ સાંજે ૬=૧૦કલાક સુધીમાં ઓડીટની કાર્યવાહી પૂર્ણ કરી હિસાબ વિભાગમાં રજુ કરવાના રહેશે. ત્યારબાદ ચુકવવાના બાકી રહેતા બિલો ચૂકવવા અંગેની કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહિ.

(૨) જે ખર્ચની રકમ રૂ.૧લાખ થી વધારે હોય અને ફાયનાન્સ સમિતિમાં મંજુર કરવાના થતા હોય તો તેવા તમામ ખર્ચની ફાયનાન્સ સમિતિમાં મુકવાની બાબતો, હિસાબ વિભાગને તા. ૧૫/૦૩/૨૦૧૮ પહેલા મોકલી આપવા વિનંતિ. ત્યારબાદ કોઈ પણ બાબત ફાયનાન્સ સમિતિમાં વિચારણા અર્થે મૂકી શકાશે નહિ કે બહાલીની અપેક્ષા એ મંજુર કરવામાં આવશે નહિ. જે ધ્યાને લેવા વિનંતિ.

(૩)ભવનના પ્રોજેક્ટ / સ્કીમ / યુજીસી ગ્રાન્ટ ભવનનાં વિદ્યાર્થીઓની મંજુર થયેલ અને ચુકવાપાત્ર સ્કોલરશિપનાં વાઉચરો ૩૧ માર્ચ પહેલાં ઓડીટ કરાવી હિસાબ વિભાગને મોકલી આપવા જેથી વર્ષનાં અંતે ગ્રાન્ટ વણવપરાયેલ રહેવાનાં કે લેપ્સ જવાનાં પ્રશ્નો ઉપસ્થિત ન થાય, સ્કીમ / પ્રોજેક્ટ / ફેલોશીપ વગેરેમાં જયાં હાજરીની આવશ્યક હોય ત્યાં તા.૨૬/૦૩/૨૦૧૮ સુધીની હાજરી ધ્યાને લઈ પુરા મહિનાનું બિલઆકારવાનું રહેશે ત્યારબાદ ગેરહાજરી હોય તો આગામી મહિનાનાં બિલમાંથી કપાત કરવાની રહશે.

(૪) અત્રેથી ચૂકવવાના થતા તમામ બીલોની રકમ સરકારશ્રીની સૂચના અનુસાર ઓનલાઇન ચૂકવવામાં આવતાં હોય,તમામ બિલોના ચૂકવણા નિયત સમયમાં કરવાના રહે છે. વધુમાં કોઈ બીલો પૈકી ટીડીએસની

કપાત કરવાની થતી હોય તેવા તમામ બીલોનો કપાત કરેલ ટીડીએસ તારીખ ૭મી એપ્રિલ ૨૦૧૮ પહેલા સરકારશ્રીમાં જમા કરાવવાનો થતો હોય,ટીડીએસ કાપવાપાત્ર તમામ બિલો ૩૧મી માર્ચ પહેલા ઓડીટની કાર્યવાહી પૂર્ણ કરી રજુ કરી આપવા,આથી જણાવવામાં આવે છે. સેલ્ફ ફાઈનાન્સ ભવનોનાં સ્ટાફનાં પગારબિલો માર્ચ પેઈડ ઇન એપ્રિલ ચૂકવવાનાં રહેશે અને તેમાં બજેટ જોગવાઈ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની દર્શાવાની રહશે.

(૫) આપના ભવન / વિભાગ દ્વારા કોઈ પણ હેતુમાટે એડવાન્સ લેવામાં આવેલ હોઈતો તેની બચત રકમ હોય તો તે હિશાબ-કેશ વિભાગમાં જમાં કરાવી. ૩૧/03/૨૦૧૮ સુધીમાં એડવાન્સ સરભરનાં બિલો રજુ કરી દેવાનાં રહેશે ત્યારબાદ કોઈ એડવાન્સ સરભર કરતાં બિલો પણ સ્વીકારવામાં આવશે નહિ.

(૬)આપના વિભાગ / ભવન હસ્તક રહેતી પેટીકેશની મર્યાદા થી વધુ કોઈ જ રકમ આપના બેન્ક ખાતામાં રાખવી નહિ. તેમ જ નિયત પેટીકેશની રકમથી વધુ જે કોઈ રકમ રહેલ હોય તે યુનિવર્સીટીના કેશ વિભાગમાં ૩૧મી માર્ચના રોજ જમા કરાવી આપવાની રહેશે. જેથી ભવિષ્યમાં આ બાબતે લોકલ ફંડ / એજીઓડીટ દ્વારા વાંધો ઉપસ્થિતના થાય તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

મુખ્ય હિસાબી અધિકારી

પ્રતિ,

૧. યુનિવર્સિટી કાર્યાલયના દરેક વિભાગના વડાશ્રીઓ

૨. યુનિવર્સિટી અનુસ્તાક ભવનના વડાશ્રીઓ

૩. એચઆરડીસીના ડાયરેકટરશ્રી

સાદર નકલરવાના જાણ માટે,

૧.મા.કુલપતિના અંગત સચિવશ્રી

૨.મા.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી